અપીલ અરજી નં.૪૬ તા.૩૦–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૯–૩–૧૧ની અરજીથી આરટીઆઈ ૬૯૮ ૬૯૯ તા.૨૧–૨–૧૧ ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં અરજદાર એક વર્ષથી ઈ.ડબલ્યુ. એસ.આવાસમાં કે/૨/૨ પાસે આવેલ આંગણવાડી બાજુથી હંમેશા ગટર ઉભરાતી હોય છે. દરરોજ ૩ વાગે ગેટની બહાર રોડ પર પાણી વહે છે. છતાં આરોગ્ય નિરીક્ષક એમ કહે છે કે હું રોજ એ વિસ્તારની મુલાકાત અને રાઉન્ડ લઉં છું આ ગટરનું ઉભરાતું પાણી એમને દેખાતું નથી દરેક વખતે ખોટા બહાના અને પ્રમાણપત્રો રજૂ કરી જવાબ આપવામાં આવે છે પરંતુ ઉપરાતું ગટરનું પાણી એમનાથી બંધ થતું નથી અ બંધ કરવા બાબતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૪–૧૧ ની **SMC/FAP/** નં.૪૬/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૯–૩–૧૧ની અરજીથી આરટીઆઈ ૬૯૮ ૬૯૯ તા.૨૧–૨–૧૧ ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં અરજદાર એક વર્ષથી ઈ.ડબલ્યુ. એસ.આવાસમાં કે/૨/૨ પાસે આવેલ આંગણવાડી બાજુથી હંમેશા ગટર ઉભરાતી હોય છે. દરરોજ ૩ વાગે ગેટની બહાર રોડ પર પાણી વહે છે. છતાં આરોગ્ય નિરીક્ષક એમ કહે છે કે હું રોજ એ વિસ્તારની મુલાકાત અને રાઉન્ડ લઉં છું આ ગટરનું ઉભરાતું પાણી એમને દેખાતું નથી દરેક વખતે ખોટા બહાના અને પ્રમાણપત્રો રજૂ કરી જવાબ આપવામાં આવે છે પરંતુ ઉપરાતું ગટરનું પાણી એમનાથી બંધ થતું નથી અને બંધ કરવા બાબતની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજી–ફરીયાદ અંગે થયેલ કાર્યવાહી આપેલ પ્રત્યુત્તરની રજીસ્ટરની નોંધ સહ નકલ સાથે વરાછાઝોન ખાતે મળેલ અપીલના તબદીલીની વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૬ તા.૭–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં અરજીના સંદર્ભમાં નિર્દિષ્ટ પત્રો , મળેલ માહિતિ પત્ર રજુ કરવા તથા વધુમાં આપની રજુઆત તકરાર નિવારણ ને લગતી છે કે માહિતિ નહીં મળ્યા અંગેની ? તે પણ વિગત સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૫૨ તા.૧૯–૫–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, બીપીએલ કાર્ડની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૫૨ તા.૨૯–૪–૧૧ ના પત્રની નકલ, તા.૧૮–૩–૧૧ તથા તા.૧–૪–૧૧ ના રોજ ઈ.ડબલ્યુ. એસ.ના અંદરના ભાગે તેમજ બહારના ખુલ્લા ભાગમાં સાફ સફાઈ કર્યા અંગેની સ્થાનિક રહીશોના પ્રમાણપત્ર ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૯–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૫૨ તા.૨૯–૪–૧૧ થી "એક વર્ષથી ઈ.ડબલ્યુ.એસ. આવાસો કેર/૨/૨ પાસે આવેલ આંગણવાડી બાજુથી હંમેશા ગટર ઉભરાતી હોય, એવું જણાવવામાં આવેલ છે પરંતુ સથળ તપાસમાં આવી કોઈ ગટર લાઈન ઉભરાતી નથી. અને આ વિસ્તાર સ્લમ્સ હોય જેથી આરોગ્ય નિરીક્ષક મ. આરોગ્ય નિરીક્ષક તથા મુકાદમ ધ્વારા રોજ રોજની વિઝીટ કરવામાં આવે છે અને આ વિસ્તારની સફાઈની પૂરેપૂરી તકેદારી રાખવામાં આવે છે તેમજ આ વિસ્તારમાં જંતુનાશક દવાનો છંટકાવ પણ કરવામાં આવે છે તેમજ આ વિસ્તારના સ્થાનિક રહીશો ધ્વારા વરાછાઝોનની વોર્ડ ઓફિસે ગટર લાઈન ચોકીંગ અંગેની ફરીયાદ નોંધવવામાં આવે છે તો તે ફરીયાદનો નિકાલ કરવામાં આવે છે. " તેવું જણાવેલ છે. આમ અરજદારને તેમની ફરીયાદની માહિતી બાબતે પ્રતિ કામગરીની માહિતી તથા કરેલી કામગીરી અંગે તા.૧૮–૩–૧૧ તથા તા.૧–૪–૧૧ ના રોજ સ્થાનિક અરજદારદરોના થયેલી કામગીરી અંગેના પ્રમાણપત્ર રજૂ કરેલ છે. વધુમાં અરજદારને અપીલ તબકકે આપની રજૂઆત તકરાર નિવારણને લગતી છે કે માહિતી નહીં મળ્યાની તે અંગે સ્પષ્ટતા માંગવામાં આવેલ પરંતુ તેમ કરવામાં અરજદાર સફળ રહેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૬–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠૃલભાઈ એસ. પાનપાટીલ,